Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

મુશ્કેલીઓ જીવનનો અંત નથી, એ તો નવી શરૂઆતનું પાનું છે. હિંમત રાખશો તો દરેક રસ્તો સરળ લાગશે.

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 22 ● Issue No. - 272 ● 1st May 2026 Price Rs. 2/- ● Pages-08

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ


### પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

### કાયમી સહાયક દાતા

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

### પરિવાર પત્રિકા સંપાદન સમિતિ

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ...........(બોરીયાવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

મેનેજીંગ ટ્રસ્ટી

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

### પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર.............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................. (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ..................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ................... (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી................(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ.................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ...................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................. (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................. (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ..................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ........................ (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ...............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ.....................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ...........(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીયાવી)


## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિબંધુ, દર વર્ષની જેમ અમદાવાદ મંડળ દ્વારા અમદાવાદ જ્ઞાતિમંડળનું સભ્યપદ ધરાવતા જ્ઞાતિજનોના જે સંતાનો ધો–૧ થી ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ કરી રહ્યા હોય તેવા દરેક વિદ્યાર્થી અને વિદ્યાર્થિની દીઠ વધુમાં વધુ (૨) બે ડઝન ફુલ સ્કેપ ચોપડા તેમજ સ્ટેશનરી વિતરણ કરવાનો ઠરાવ કરવામાં આવેલ છે. Google Form માં નોંધણી કરાવેલ દરેક વિદ્યાર્થીને ચોપડા–સ્ટેશનરી આપવામાં આવશે. શૈક્ષણિક સમિતિ દ્વારા આ અંગેનો વિગતવાર અહેવાલ આ અંકમાં આપેલ છે. ચોપડા વિતરણ ઉપરાંત શૈક્ષણિક સહાય અને ઈનામની મેળાવડાની માહિતી પણ અહેવાલમાં સામેલ છે. વાલીઓએ વાંચી લેવા નમ્ર વિનંતી છે.

> વડોદરા જ્ઞાતિ મંડળે ઘર ઘરમાં અત્યંત ઉપયોગી તેવા વસ્તીપત્રકની પાંચમી આવૃત્તિ પ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય હાથ ધરેલું છે. તે માટે તેમણે દરેક જ્ઞાતિજનને ફોર્મ તેમજ પરત મોકલવાનું કવર મોકલેલ છે. તેમને સહકાર આપવો આપણી પ્રાથમિક ફરજ છે. જો હજુ પણ કોઈ જ્ઞાતિજને આ ફોર્મ ન મોકલાવ્યું હોય તો મહેરબાની કરી તાત્કાલિક વડોદરા મંડળના કાર્યાલયે પહોંચતું કરવા ખાસ વિનંતી છે.

પરિવાર પત્રિકામાં પ્રકાશિત કરવા માટે કોઈ પણ મેટર મોકલનારે સુવાચ્ય અક્ષરે પોતાનું અથવા જેમના દ્વારા મોકલાવ્યું હોય તેમનું પુરુ નામ, ગામ, સરનામું, સંપર્ક નંબર શક્ય હોય તેટલું વહેલા અથવા દર માસની ૧૮ મી તારીખ સુધીમાં જ્ઞાતિમંડળના કાર્યાલય પર મોકલી આપવા નમ્ર વિનંતી છે. અથવા કાર્યાલયમાં રૂબરૂ આવ્યા વિના પણ જ્ઞાતિ મંડળના Helpline Number: 70466 02375 ઉપર સંપર્ક કરી શકો છો.

અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા દર મહિને પ્રસિધ્ધ થતા પરિવાર પત્રિકા અંકમાં જન્મ દિવસનો શુભેચ્છા સંદેશ માત્ર રૂા.૨૫૦/– માં તથા લગ્ન દિવસનો શુભેચ્છા સંદેશ માત્ર રૂા.૫૦૦/–માં ફોટા સહિત પ્રકાશિત કરવામાં આવે છે. જેને જન્મ કે લગ્ન દિવસનો ફોટો આપવાની ઈચ્છા હોય તેમણે ૧૫ તારીખ પહેલા જ્ઞાતિના Helpline Number : 70466 02375 ઉપર નામ, તારીખ, ફોટા સહિતની વિગત મોકલી આપવી.

"પરિવાર પત્રિકા"માં અપાતી વ્યાવસાયિક જાહેરાત માત્ર રૂા.૬૦૦/–માં આપી શકાય છે. તેની સાઈઝ ૬ સે.મી. X ૯ સે.મી. રહેશે. તે દ્વારા આપના વ્યવસાયની વૃધ્ધિ કરી શકાશે.

મેડિકલ સહાય સ્કીમ અંતર્ગત દર મહિને બે ગુરૂવારે ડૉ. શ્વેતાબેન આર. શાહ હોમિયોપેથીક માર્ગદર્શન અને દવા નિ:શુલ્ક આપે છે. તેનો સંદેશો સંસ્થા દ્વારા Whatsapp થી મોકલાય છે. આ સેવાનો લાભ લેવા વિનંતી છે.

સમ્યક્જ્ઞાન પ્રસારનિધિ અંતર્ગત જ્ઞાતિના હોલમાં પાઠશાળા કાર્યરત છે. વધુમાં વધુ આપણા જ્ઞાતિજનો લાભ લે તેવી વિનંતી છે.

શ્રી ભાવેશભાઈ એમ. શાહ–મંત્રી ❀ શ્રી રમેશભાઈ સી. શાહ–સહમંત્રી

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૭)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષ: ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**સદ્‌ગતની સ્મૃતિમાં**

| | | |
|---|---|---|
| કેતન | કેયુર | કેતકી |
| અલ્કા | શ્વેતા | અક્ષય |

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા પરિવાર તરફથી
અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા'' મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

## શૈક્ષણિક ઈનામી મેળાવડા માટે માર્કશીટ મોકલવા માટેની અગત્યની સૂચના

૧) ધોરણ–૧ થી ૧૦ માં પાસ થનાર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓના પરિણામમાં ૭૫% કે તેથી વધુ ટકા પ્રાપ્ત કરનારને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઈનામ આપવામાં આવે છે.

૨) તેમજ આ વર્ષથી A+, A અને B+ ગ્રેડ જેમનો આવ્યો હોય તેવા વિદ્યાર્થીઓએ પણ માર્કશીટ મોકલવી જેમાં જે તે સ્કુલની માર્કશીટમાં જે કેટેગરી માર્કશીટમાં લખેલી હશે તેના એવરેજ ટકા ધ્યાનમાં લેવામાં આવશે. દાખલા તરીકે A+ એટલે ૯૫% થી ૧૦૦% હશે તો ૯૭.૫% ધ્યાનમાં લેવામાં આવશે અને જે વિદ્યાર્થિની માર્કશીટમાં આવી કેટેગરી લખેલ નહી હોય તેમના માટે શૈક્ષણિક સમિતિએ નક્કી કરેલ ત્રણ નામાંકિત શાળાની ગ્રેડ અંગેની કેટેગરી મુજબ તે વિદ્યાર્થીની ટકાવારી ગણવામાં આવશે તેની ખાસ નોંધ લેવા વિનંતી અને તેમને જ માર્કશીટ મળ્યાની પહોંચ આપવામાં આવશે.

૩) ધોરણ–૧૧ અને ૧૨ આર્ટસ, સાયન્સ, કોમર્સ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૭૫% કે તેથી વધુ ટકા મેળવનારાને પ્રથમ અને દ્વિતીય એમ બે ઈનામ દરેક ફેકલ્ટીમાં અલગ અલગ આપવામાં આવશે.

૪) કોલેજમાં Final Year B.Com, M.Com, B.A, M.A, B.Sc., M.Sc તેમજ વિવિધ ફેકલ્ટીમાં ફાઈનલ ડિગ્રી હોલ્ડર તેમજ ITI જેવી અન્ય ફેકલ્ટીના ડિપ્લોમાં/ડિગ્રી હોલ્ડરમાં દરેક પ્રથમ આવનારને ઈનામ આપવામાં આવશે. આ અંગેની માર્કશીટની ઝેરોક્ષ કોપી ચોપડા વિતરણના બે રવિવાર દરમિયાન અને જો માર્કશીટ ન આવી હોય તો તા.૩૧–૦૭–૨૦૨૬ સુધીમાં કાર્યાલયમાં આપીને પહોંચ મેળવી લેવા વિનંતી.

૫) માર્કશીટની ઝેરોક્ષ કોપી આપતી વખતે શૈક્ષણિક સમિતિ દ્વારા તૈયાર કરેલ ફોર્મમાં જરૂરી વિગતો લખીને માર્કશીટ એટેચ કરીને જમા કરાવવાની રહેશે. દરેક વિદ્યાર્થી દીઠ અલગ ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ જમા કરાવ્યા પછી તેની પહોંચ મેળવી લેવા વિનંતી. માર્કશીટની વિગતો ભરવાનું ફોર્મ વાસણા મંડળના કાર્યાલય પરથી અને પૂર્વ વિસ્તારમાં અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક) ના ઘરેથી નક્કી કરેલ બે રવિવાર દરમિયાન આપવામાં આવશે. તે સભ્યોએ પોતાના સંતાનોની માર્કશીટ અને ફોર્મ ભરીને ત્યાં જ શ્રી અંકિતભાઈને જમા કરાવવાના રહેશે.

૬) આપના કુટુંબમાં અમદાવાદમાં રહેતા ૧૮ વર્ષથી વધુ વયના યુવાન પુત્ર હોય અને જ્ઞાતિ મંડળના સભ્ય ન થયા હોય તો તેમણે મંડળની ઓફિસે આવી આજીવન સભ્યપદ મેળવી લેવા ખાસ નમ્ર વિનંતી અને વાર્ષિક સભ્ય હોય તો તેમણે આજીવન સભ્યપદ મેળવી લેવા નમ્ર વિનંતી.

શ્રી સંદીપભાઈ એસ. શાહ–કન્વીનર ❁ શ્રી ઉન્મેષભાઈ એન. શાહ–સહકન્વીનર



મંજુલાબેન ચીનુભાઈ શાહ, ભાલક
(ભાલક-હાલ:અમદાવાદ)
જન્મ તા.૧૫-૦૯-૧૯૩૯ ❁ સ્વ.૦૫-૦૪-૨૦૨૪

**પરિવારને માલિક બનીને નહીં
પણ માળી બનીને સાચવો,
જે ધ્યાન બધાનું રાખે છે પણ
અધિકાર કોઈ પર નથી જતાવતો !!**

**રાજેશકુમાર ચીનુભાઈ શાહ**

**હેમાબેન રાજેશકુમાર શાહ**

અનાલી • રોમીલ • રીમા • રવિકુમાર
રીવા • કહાન • ક્રીયાન

# ઉત્તમ કોણ? પશુ-પંખી કે માણસ ?

સંપાદકીય લેખ

## વાંચકો, આ સવાલનો જવાબ, આ લેખ વાંચ્યા પછી તમે જ નક્કી કરી શકશો કે ઉત્તમ કોણ?



સામાન્ય સમજ એવી છે કે મનુષ્ય– પશુ, પંખી કરતાં બુધ્ધિશાળી અને શ્રેષ્ઠ જીવાત્મા છે. પશુ, પંખી અને મનુષ્યમાં કેટલીક સમાનતા છે. સુખ–દુ:ખની લાગણી, સમજશક્તિ જેટલી મનુષ્યની હોય છે તેટલી જ પશુ–પંખીને પણ હોય છે. પરંતુ મનુષ્યમાં લાગણી પ્રગટ કરવા માટે વાણી હોય છે, પશુ–પંખીને વાણી તો હોય છે પણ આપણે તે સમજી શકતા નથી. સરખામણી કરતા **મનુષ્યમાં વિચાર શક્તિ અને બુધ્ધિ વિશેષ છે.** તેથી તેનામાં **સર્જનશક્તિ** સવિશેષ દેખાઈ આવે છે. પશુ–પંખીમાં પણ સર્જનશક્તિ તો છે જ, પરંતુ એનો ઉપયોગ તે પોતાના માટે કરે છે. પંખીઓ માળા બનાવે છે. (સુગરીનો માળો), પશુઓ બોડ્યો, દર બનાવે છે, કરોળિયા જાળા બનાવે છે, કોશેટા રેશમ બનાવે છે વગેરે....

મનુષ્ય કરતાં પશુ–પંખી તેમની સંયમવૃત્તિ, કુદરતના નિયમોના પાલનમાં અને સંઘબળમાં અનેક ઘણા ચડિયાતા છે. પશુ–પંખી નર અને માદા સાથે જ ફરતા હોય છે. તેઓ વિષયવાસનામાં, જાતીય સંબંધોમાં જે સંયમ–મર્યાદા રાખે છે તે જો મનુષ્યની સાથે સરખાવીએ તો આપણુ મસ્તક શરમથી નમાવવું પડે.

**આહાર:-** આહારની બાબતમાં પશુ–પંખી સંયમવૃત્તિ રાખે છે. માણસ તો સવારથી રાત સુધી ખાધા કરે. કોઈ સંયમ નહિ, તેમાંયે જો ભોજન–સમારંભ, મહોત્સવ, નાત જમણ હોય તો ધક્કા મુક્કી, પડાપડી, આ ખાઉધરાપણાને લીધે તો માણસને બિમારી અને રોગ થાય છે. જ્યારે પશુ–પક્ષી જરૂર મુજબનું ખાય, પછી નહિ. આંબાવાડીયામાં ભલેને મીઠી કેરીઓ લટકતી હોય પણ પક્ષીઓ માપસર ખાય. ચકલાં, કબુતર, કાબર, પોપટ, ગાય, ભેંસ, કૂતરાં, ગધેડાં બધા મિતાહારી.

**નિયમિતતા :-** તમે સૌએ જોયું છે કે પ્રાત:–કાળે પશુ–પંખી જાગી જાય અને ખોરાકની શોધમાં નીકળી પડે. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી જ્યારે જે મળ્યું, જેટલું મળ્યું તે ખાઈને સંતોષ મેળવે છે. તેનાથી વિપરીત આ જમાનામાં તો મોડી રાત સુધી જાગવું અને સૂર્યોદય પછી શય્યા છોડવાની ઘણા મનુષ્યોને આદત પડી ગઈ હોય છે. માણસ જો પશુ–પંખીની જેમ વહેલા સુવે અને વહેલા જાગે તો બિમાર ન પડે.

કીડી, મંકોડા, પતંગિયા, મધમાખી, ભમરા અને આવા બીજા અનેક જીવ–જંતુઓની **ઉદ્યમપ્રિયતા** અને **સ્વાશ્રયીવૃત્તિ**ની સામે મનુષ્ય? જો શ્રમ કર્યા વગર ખાવા પીવાનું કે જરૂરિયાતો પૂરી થતી હોય તો મનુષ્ય ફક્ત એશ–આરામ જ કરે.

પશુ–પંખીઓમાં **સંપ અને સંઘબળ :-** કૂતરા, કાગડા, વાંદરા વગેરે આ બધા જૂથ ટોળામાં હોય અને એકબીજાને સહકાર આપે. એક કાગડો ઘાયલ થાય તો બીજા કાગડા કા–કા–કા કરીને કાગારોળ મચાવે, અનેક કાગડા ભેગા થઈ જાય. શેરીમાં એક કૂતરું ભસે તો બીજાં કૂતરાં આવે ને અજાણ્યાને ભગાડે. જ્યારે મનુષ્ય?

રસ્તામાં કોઈ માથા ભારે, કોઈ નિર્બળને મારતો હોય કે કોઈને અકસ્માત થયો હોય તો, જાણે તમાશો જોતા હોય તેમ જુએ અને/અથવા ચાલતી પકડે.

**વફાદારી :-** વફાદારીની બાબતમાં તો કૂતરા, ઘોડા, હાથી વગેરેના અનેક દ્રષ્ટાંતો ઈતિહાસમાં નોંધાયેલા છે. રાણા પ્રતાપનો ચેતક, અને અમરસિંહ રાઠોડ, રાણી લક્ષ્મીબાઈના ઘોડાએ જીવસટોસટના યુદ્ધમાં કેવી વફાદારી બતાવેલી? જે માલિકનો રોટલો ખાધો હોય તે માલિકને કૂતરો કેટલો બધો વફાદાર હોય છે! એટલે તો એક ફિલ્મની પંક્તિ છે. જાનવર આદમીસે જ્યાદા વફાદાર હૈ. જ્યારે મનુષ્યજાતિમાં તો કર્મચારી પોતાના શેઠને દગો દેતાં વિચાર ન કરે. મનુષ્ય તો પોતાના જ જેવા બીજા નિર્બળ મનુષ્યને કચડી નાખતાં વિચાર નથી કરતો, બુધ્ધિશાળી ગણાય છે ને? આવી બુધ્ધિ અને સ્વાર્થને કારણે મનુષ્યે પશુઓ જેમકે ઊંટ, હાથી, ઘોડા, ગધેડા, બળદ વગેરે પાસે ભાર ઊંચકાવવામાં, સવારી કરવામાં અને ખેતી કરાવવામાં ખૂબ ઉપયોગ કર્યો છે. ગાય, ભેંસ, બકરાં પાસેથી દૂધ અને ઘેટાં પાસેથી ઊન પડાવ્યું છે. પોતાના શોખને પોષવા કુતરા, બિલાડાને પાળીને કેદ કર્યા અને પોપટ, કાકાકૌઆને પાંજરે પૂર્યા અને આ પશુ–પંખી ઘરડાં થાય કે અશક્ત થાય ત્યારે ત્યજી દીધાં, આમ માણસે બુધ્ધિનો ઉપયોગ સ્વાર્થ માટે જ કર્યો ને?

કોઈ પણ જીવને મન, વચન, કર્મથી પીડા આપવી એ હિંસા છે. આ રીતે **અહિંસા પરમો ધર્મ**ના પ્રવર્તક જૈન ધર્મ જેવી જીવદયા–જયણા જગતમાં બીજે ક્યાંય નથી.

મનુષ્ય એ તો પોતે જ સ્વાર્થનું પૂતળું છે. "બળિયાના બે ભાગ" કહેવતની જેમ ઈતિહાસ સાક્ષી છે કે જે શાસક બળવાન હોય તેણે અન્ય દેશો ઉપર આક્રમણ કરીને સામ્રાજ્ય વિસ્તારેલું છે. નેપોલિયન, હિટલર, મુસોલિની, સિકંદર તેના ઉદાહરણો છે.

પરમાત્માએ મનુષ્યને પશુ–પંખી કરતાં સવિશેષ બુધ્ધિ આપી છે. પરિણામે ઘણા બધા સંતો, ઋષિમુનિઓ, વૈજ્ઞાનિકો, સંશોધકોએ માનવજાતને સુખ–શાંતિ સગવડ થાય તેવા પ્રયત્નો કરેલા જ છે. પરંતુ આ બુધ્ધિનો Negative, Destructive ઉપયોગ કરીને, વિનાશક શસ્ત્રો બનાવીને, મનુષ્ય જ મનુષ્યનો સંહાર કરે છે તે દુ:ખદ છે. આપણે તો પ્રભુને પ્રાર્થના કરી શકીએ કે વિશ્વમાં શાંતિ, પ્રેમ, ભાઈચારો, મૈત્રી, સુમેળનું વાતાવરણ સર્જાય.

**સર્વદા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો,**
**સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.**

બકુભાઈ સી. ગાંધી(સમોડા)-સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા) સહસંપાદક

## અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૧૧૧૧૧/-**



નિર્મળાબેન અશોકકુમાર શાહ (વિસનગર-હાલ:અમદાવાદ)

નિર્મળાબેન અશોકકુમાર ચંદુલાલ શાહ (વિસનગર હાલ:અમદાવાદ)નો સ્વર્ગવાસ તા.૨૧-૦૪-૨૦૨૫ના રોજ થયેલો. સદ્‌ગતના આત્મશ્રેયાર્થે શ્રી અશોકકુમાર સી. શાહે સ્વર્ગસ્થની પુણ્યસ્મૃતિમાં અમદાવાદ જ્ઞાતિમંડળના સાધર્મિક વાત્સલ્ય ફંડમાં, સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રીની સાથે અનુમોદના/અનુકંપા રૂપે રૂા.૧૧૧૧૧/- દાન આપેલ છે. સાધર્મિક જનો માટેની તેમની લાગણી માટે જ્ઞાતિમંડળ તેમનો આભાર માને છે અને સદ્‌ગતના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના કરે છે.

## અનુમોદના ક્ષેત્રે... દાન-ફંડ-ભેટ

**રૂા.૭૫૦૧/-**



શ્રી રમણલાલ ચીમનલાલ શાહ (ગાંભુ)

શ્રી રમણલાલ ચીમનલાલ શાહ (ગાંભુ) અમદાવાદની ૯૬મી જન્મજયંતિ (તા.૨૦-૦૫-૧૯૩૦) નિમિત્તે તેમના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી રાજેશકુમાર રમણલાલ શાહ તરફથી આપણી જ્ઞાતિમાં સાધર્મિક પરિવારોને અપાતી ખાદ્ય સામગ્રી સાથે અનુમોદના રૂપે આપવા માટે રૂા.૭૫૦૧/- તેમના પરિવાર તરફથી મળ્યા છે. સદ્‌ગત લક્ષ્મીવર્ધક સંઘમાં સ્નાત્ર મંડળના સ્થાપક/પ્રણેતા અને ભક્તામર મંડળના મુખ્ય કર્તા-હર્તા હતા. ઉપરાંત ગાંભુ તીર્થે ડેવલપમેન્ટ માટે તેમનું સમગ્ર જીવન સમર્પિત કરેલ હતું. તેમના ધર્મપત્ની પ્રભાવતીબેન, તેમના પુત્રવધુ પ્રતિમાબેન, સુપુત્રી સુહાની પાર્થ પારેખ તથા સુપુત્રી જૈની નીરવકુમાર પરીખ તેમના સત્કાર્યોમાં સતત મદદરૂપ અને પ્રેરણારૂપ બનતા રહ્યા છે. અમદાવાદ જ્ઞાતિ મંડળ તેમના પરિવારની ખૂબ ખૂબ અનુમોદના સહ આભાર માને છે.

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

## : શૈક્ષણિક સમિતિ દ્વારા અગત્યની જાહેરાત :

દર વર્ષની જેમ અમદાવાદ જ્ઞાતિ મંડળ દ્વારા અમદાવાદ જ્ઞાતિ મંડળમાં સભ્યપદ ધરાવતા જ્ઞાતિજનોના જે સંતાનો ધોરણ ૧ થી ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસ કરી રહ્યા હોય તેવા દરેક વિદ્યાર્થી અને વિદ્યાર્થિની દીઠ વધુ માં વધુ (૨) બે ડઝન ફૂલ સ્કેપ 144 Pages ના ચોપડા રૂા.150/- ૧ ડઝન ના રાહત દર ના ભાવે તેમજ ( પાઉચ,પેનસેટ, સ્કેલ,પુશ પેન્સિલ, રબર નો ૧ સેટ વિના મૂલ્યે) નું વિતરણ કરવાનો ઠરાવ થયેલ છે. તે મુજબ દરેક વિદ્યાર્થીને Google ફોર્મ માં નોંધણી કરાવ્યા મુજબ વધુ માં વધુ (૨) બે ડઝન ચોપડા 150 X 1 ડઝન ના રાહત દર ના ભાવે અને સાથે દરેક વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીને (પાઉચ અને બોલપેનનો એક સેટ વિના મૂલ્યે ) આપવાનો છે.

**નોંધ : ખાસ ધ્યાન આપશો** - બોલપેન પાઉચ નો સેટ જે વિનામૂલ્ય આપવાનો છે તે જેમણે Google ફોર્મ ભર્યું હશે અને ફુલ સ્કેપ ચોપડા નોંધાવેલ છે તે લેશો, તો જ તેની સાથે વિનામૂલ્યે આપવામાં આવશે. ફક્ત બોલપેન અને પાઉચ નો સેટ આપવામાં આવશે નહીં.

### : ખાસ સૂચના :

૧) પરિવાર પત્રિકાના માર્ચ ૨૦૨૬ ના અંકમાં પ્રગતિ અહેવાલમાં જણાવ્યા મુજબ ચોપડા મેળવવા માટે આ વર્ષે જે સભ્યોએ Google ફોર્મ માં જરૂરી વિગતો ભરીને Online Submit કરીને રજીસ્ટ્રેશન કરાવેલું હશે તેમને જ આ સ્કીમ હેઠળ ચોપડા અને (પાઉચ અને બોલપેન ) ના સેટ મળશે. આ અંગે અમદાવાદ મંડળના Whats App ગ્રુપ દ્વારા વખતો વખત અમદાવાદના જ્ઞાતિજનોને Google ફોર્મ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવાની તાકીદ કરવામાં આવેલી છે તે મુજબ જેમણે રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તેમને જ આ વર્ષે ચોપડા તથા બોલપેન અને પાઉચ વિતરણનો લાભ મળશે તેની ખાસ નોંધ લેવા વિનંતી.

જ્ઞાતિ મંડળના હોલ ઉપરથી આગામી તારીખ ૨૪- ૫ -૨૦૨૬ ને રવિવાર તથા તા. ૩૧-૫-૨૦૨૬ ને રવિવાર સવારે ૧૦ થી ૫ કલાક દરમિયાન ફૂલ સ્કેપ ચોપડા તેમજ બોલપેન અને પાઉચનું વિતરણ કરવામાં આવશે.

૨) (પૂર્વ અમદાવાદમાં) કૃષ્ણનગર, સૈજપુર બોઘા, નરોડા, સરસપુર, બાપુનગર, વિરાટનગર,ઓઢવ તથા (દક્ષિણ અમદાવાદમાં ) વટવા, લાંભા, નારોલ વિ. વિસ્તારોના આપણા મંડળના સભ્યોએ નીચેના સ્થળેથી ફુલ સ્કેપ ચોપડા -"બોલપેન અને પાઉચ મેળવી લેવા વિનંતી.

અંકિતભાઈ અશોકભાઈ શાહ (ભાલક)મો. 99241 22060

B /53 /852 ગુજરાત હાઉસિંગ બોર્ડ , વિદ્યાવિહાર સ્કૂલ સામે , કૃષ્ણનગર"નરોડા રોડ"અમદાવાદ ૩૮૨૩૪૬.

તા.૨૪ મે તથા ૩૧ મે ૨૦૨૬ ને રવિવાર સમય (સવારે ૧૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી...)

3) આપ જ્યારે ચોપડા લેવા પધારો ત્યારે ચાલુ વર્ષ ૨૦૨૫ -૨૬ ની વિદ્યાર્થી / વિદ્યાર્થિનીની જે તે ધોરણની માર્કશીટની ઝેરોક્ષ સાથે લાવશો. કદાચ આ વર્ષનું રિઝલ્ટ ન આવ્યું હોય તો જે તે શૈક્ષણિક સંસ્થામાં આપે જે ફી ભરી હોય તેની રીસીપ્ટ (પહોંચ ) લઈને આવશો. શૈક્ષણિક સમિતિ દ્વારા તે ચેક કરવામાં આવશે. તે સિવાય ચોપડા - પાઉચ અને બોલપેન નો લાભ મળશે નહીં.

### શૈક્ષણિક પ્રોત્સાહન યોજના અંગેના ફોર્મ અંગેની અગત્યની સૂચના

દાતા શ્રીમતી રાઈબેન નાથાલાલ ગાંધી (હસ્તેઃ શેઠ શ્રી લાલચંદભાઈ ગાંધી મોઢેરા, હાલ : મુંબઈ) શૈક્ષણિક પ્રોત્સાહન યોજના અંતર્ગત ધોરણ ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થિની ઓને શાળા ફી તથા ગણવેશ માટે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે આ યોજનાનો લાભ લેવા માંગતા વિદ્યાર્થી /વિદ્યાર્થિનીઓએ તારીખ ૨૪-૦૫-૨૦૨૬ તથા ૩૧-૦૫-૨૦૨૬ એમ બે રવિવાર, મંડળના કાર્યાલયે રૂબરૂ આવીને નિયત અરજી ફોર્મ ભરવાનું રહેશે. અરજી ફોર્મ ઘરે આપવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવી. તે માટે આ સાથે નીચે દર્શાવેલ આધાર-પુરાવા લઈને જ આવવા વિનંતી છે.

(૧) વિદ્યાર્થી અને વિદ્યાર્થિની ની આધાર કાર્ડની ઝેરોક્ષ, (૨) પિતા ની આધારકાર્ડ ની ઝેરોક્ષ

(૩) છેલ્લા વર્ષ ની માર્કશીટની પ્રમાણિત નકલ, (૪) શાળાના લેટરપેડ ઉપર આખા વર્ષની ફી અંગેની વિગત લખાવીને લાવવી.

શ્રી સંદીપભાઈ એસ. શાહ-કન્વીનર ❁ શ્રી ઉન્મેષભાઈ એન. શાહ-સહકન્વીનર

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

**દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...**



**ભાવેશ મહેશભાઈ શાહ**
ગામ : ભાલક હાલ : અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૭૭૦૨૦૮૦
જન્મ તારીખ : ૧૧ મી મે



**સચિનભાઈ રાજેન્દ્રભાઈ શાહ**
ગામ : મોઢેરા હાલ : (Brisbane Australia)
મોબાઈલ : +૬૧ ૪૫૨ ૩૪૦ ૭૫૮
જન્મ તારીખ : ૩૦ મી મે



**ભરતભાઈ માધવલાલ શાહ**
ગામ : બોકરવાડા હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧૯૪૨૮૦૪૭૭૨૫
જન્મ તારીખ : ૩૧ મી મે



**ઉન્મેષ ભાઈ નટવરલાલ શાહ**
ગામ : ઉનાવા હાલ : અમદાવાદ
મોબાઈલ : ૯૪૨૬૩ ૪૯૪૦૭
જન્મ તારીખ : ૩૧ મી મે

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**શ્રીમતી કૈલાસબેન પ્રમોદચંદ્ર ગાંધી**
**અને**
**શ્રી પ્રમોદચંદ્ર નવનીતલાલ ગાંધી**
લગ્ન તારીખ : ૧ લી મે
મોબાઈલ : ૯૩૨૭૦ ૭૦૨૫૪, ૯૩૨૭૭ ૪૪૪૦૭
ગામ : રણુજ હાલ : અમદાવાદ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**શ્રીમતી મીનાબેન સેવંતીલાલ શાહ**
**અને**
**શ્રી સેવંતીલાલ કાંતિલાલ શાહ**
લગ્ન તારીખ : ૩ જી મે
મોબાઈલ : +૯૧ ૯૮૩૩૧૯૧૮૯૩
ગામ : લણવા હાલ : ગોરેગાંવ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**સ્મિતાબેન વસંતભાઇ શાહ**
**અને**
**વસંતભાઇ ચીમનલાલ શાહ**
લગ્ન તારીખ : ૫ મી મે
મોબાઈલ : ૯૩૨૪૪૭૯૫૫૯
ગામ : ભાલક હાલ : મુંબઈ

### સમાજના સભ્ય પરિવારના લગ્નદિવસ પર શુભેચ્છા



**શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર**
**અને**
**શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ**
લગ્ન તારીખ : ૨૦ મી મે
મોબાઈલ : +૯૧૯૬૬૨૫૫૨૧૧૧, +૯૧૯૮૯૮૩૨૫૧૧૧
ગામ : બોરીઆવી હાલ : મહેસાણા

## ધાર્મિક સમાચાર

શ્રી બોકરવાડા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા **શ્રી અજીતનાથ દાદા** ની **૭૧ મી સાલગીરા** તા.૨૩/૪/૨૦૨૬ ને ગુરુવાર ના રોજ ધામધૂમથી ઉજવવામાં આવી.. જેમાં આ વર્ષે સમગ્ર બોકરવાડા ના પરિવારજનો ને રસોડદીઠ **'મોં મીઠું'** કરાવવા ૧૨૦ પરિવારજનો જે (અમદાવાદ, સુરત,મુંબઈ,રાજકોટ,મહેસાણા,હૈદરાબાદ,ચેન્નાઈ) રહે છે, તેમને ૫૦૦ગ્રામ સ્વીટ નું બોક્સ મોકલવામાં આવ્યું. તે દિવસે ૨૨૫ વ્યક્તિઓ બોકરવાડા દાદા ની **૭૧મી સાલગીરી** ની ઉજવણી માં આવ્યા હતા. વાજતેગાજતે ધજા ગામ માંથી લઈ ને ૧૨.૩૯ ના વિજય મુહૂર્તે આખા દિવસ ના તમામ ખર્ચ ના લાભાર્થી પરિવાર અશોકભાઈ સેવંતીલાલ બબલદાસ શાહ પરિવાર દ્વારા ધજા ચઢાવવામાં આવી.તેમજ ત્રણેય ટાઈમ મયંક કેટરર્સ દ્વારા સ્વાદિષ્ટ ભોજન નો લાભ લેવામાં આવ્યો.તેમજ સાંજે ભવ્ય મહાપૂજા, લાભાર્થી પરિવાર તરફથી દાદા માટે અર્પણ કરેલ તૈયાર કાપડ ની જડતર ની આંગી, સુગંધિત ફુલ , ૨૦૦ દિવડા થી દેરાસર શણગારવામાં આવ્યું અને સંધ્યા ભક્તિ, ચામર નૃત્ય,આરતી અને મંગળદીવો કરીને... અમદાવાદ પરત આવ્યા....

જિનાલય એટલે આધ્યાત્મિક ઉન્નતિ માટેનું પવિત્ર અને ધ્યાનનું કેન્દ્ર છે. પરંતુ શિખરે ઊંચા આકાશમાં ફરફરતી એની ધ્વજા ધ્યેયહીન માનવને ઉચ્ચ ધ્યેયના આદર્શની પ્રેરણા આપે છે. ભાલકતીર્થની ધન્યધરાએ શ્રી ધર્મનાથ ભગવાન અને કેસરીયા આદિનાથ ભગવાન જિનાલયે **૧૮૦મી સાલગીરી ધ્વજારોહણ** પ્રસંગ વૈશાખ સુદ–૬ને **તા.૨૨-૦૪-૨૦૨૬** ના રોજ ખૂબ જ ઉલ્લાસ પૂર્વક અને સંપૂર્ણ ધાર્મિક માહોલમાં સંપન્ન થયો. આ પ્રસંગે ૨૦૦ ભાવિકભક્તો હાજર રહ્યા. હાજર રહેલ સૌ ભાવિકો નવકારશી, સ્નાત્રપૂજા તેમજ સત્તરભેદી પૂજામાં સહયોગી બન્યા. ત્યારબાદ વૈદિક મંત્રોચ્ચાર સાથે શ્રી અંબાલાલ ઝવેરચંદ શાહ પરિવાર તેમજ કલાવતીબેન કાન્તિલાલ શાહ પરિવાર દ્વારા ધ્વજારોહણ સંપન્ન થયું. બપોરે જમ્યા પછી સંઘની જનરલ સભા મળી જેમાં જરૂરી ઠરાવ પસાર કર્યા. આમ ભાલક જૈનસંઘ માટે આજનો દિવસ યાદગાર અને સોનેરી રહ્યો. ઉપસ્થિત સૌને સંઘપૂજન પણ કરવામાં આવ્યું. તેમજ પધારેલ યાત્રિકોને ભારની પ્રભાવના શ્રી ચીમનલાલ છોટાલાલ શાહ પરિવાર તરફથી કરવામાં આવી. ત્યારબાદ આરતી, મંગળદીવો કરી સૌ અમદાવાદ પરત આવ્યા.

# અવસાન-શ્રદ્ધાંજલિ



**કોકિલાબેન હરેશભાઈ શાહ**
ગામ : મણુંદ
હાલ : અમદાવાદ
સ્વ.તા. ૩-૪-૨૬ શુક્રવાર



**પુષ્પાબેન વિનોદચંદ્ર ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : કાંદિવલી (પશ્ચિમ)
સ્વ.તા. ૦૫-૪-૨૦૨૬, રવિવાર




**શશીકાંતભાઈ દલસુખલાલ શાહ**
ગામ : બોકરવાડા
હાલ : અમદાવાદ
સ્વ. તા. ૦૬/૦૪/૨૬, સોમવાર



**તરૂલતાબેન શ્રેણિકકુમાર શાહ**
ગામ : તરભ
હાલ : અમદાવાદ
સ્વ.તા. ૧૮/૦૪/૨૬, શનિવાર



**છાયાબેન મફતલાલ શાહ**
ગામ : મગુના
હાલ : અમદાવાદ
સ્વ. તા. ૨૨/૦૪/૨૬, બુધવાર



**શાહ વિનુભાઈ હરગોવિંદાસ**
ગામ : ખરવડા
હાલ : વિસનગર
સ્વ. તા. ૨૪/૦૪/૨૬, શુક્રવાર

**આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના**

## બદલાયેલા સરનામા તેમજ આજીવન સભ્યપદ

### આજીવન સભ્યપદ

#### અમદાવાદ

**કુશ બીપીનભાઈ શાહ............................(દાણોદરડા)**
૨૦૨, આંગી રેસીડેન્સી, અમીઝરા ફ્લેટની બાજુમાં,
તેજપાલ સોસાયટી પાસે, ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૬૩૫૪૮ ૭૮૦૧૦, ૬૩૫૨૨ ૬૮૮૨૨

### બદલાયેલા સરનામા

#### અમદાવાદ

**પ્રશાંતભાઈ હરખચંદ શાહ.......................(બોકરવાડા)**
૩૦૨, શાંતમ્ રેસીડેન્સી, કર્ણાવતી પગરખા બજારની પાછળ,
ગીતાબાગ સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો.: ૯૯૦૯૫ ૧૩૨૫૦

**પ્રતિકકુમાર રજનીકાંત શાહ..........................(મણુંદ)**
સી-૧૦૦૩, મહાદેવ લેવીશ, આરોહી કલબ રોડ,
ભાગવત બંગલોની સામે, સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦૦૫૮.
મો.: ૯૧૭૩૧ ૭૩૮૫૬

**સુનિલભાઈ રમેશચંદ્ર શાહ..............................(મણુંદ)**
૧૦૩, પહેલે માળ, સનરાઈઝ એલીગન્સ, પ્રાર્થના ફ્લેટની બાજુમાં,
ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૨૨૮૭ ૫૦૭૪૩

**હેમાંગભાઈ દિનેશભાઈ શાહ........................(ભાલક)**
૩૦૧, Shalin Palette, ગૌતમબાગ કો.ઓપ.હા.સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૯૨૫૧ ૯૫૫૫૯

**મૌલિકભાઈ જયેન્દ્રભાઈ શાહ.........................(મણુંદ)**
૧૧/એ, સીતાબાગ સોસાયટી, ન્યુ આરાધના સ્કૂલ રોડ,
કલગી ફ્લેટની સામે, મણિનગર, અમદવાદ-૩૮૦૦૦૮.
મો.: ૯૯૯૮૧ ૨૬૫૬૬

#### બેંગલોર

**નિમેશભાઈ નરેન્દ્રભાઈ શાહ.................(બોકરવાડા)**
Villa 107, Vakil Metropolis, Gowrenahalli Villege,
Indlawadi Cross, Jigni - Anekal Road,
Bangalore - 562106 Mo. 95919 10125

#### સુરત

**વિશાલભાઈ હસમુખલાલ શાહ........................(ભાલક)**
બી-૧૨૦૨, સીમંધર એવન્યુ, પ્રથમ સર્કલની બાજુમાં, પાલ,
સુરત-૩૯૫૦૦૯. મો.: ૯૮૨૫૨ ૯૦૮૦૦

#### મુંબઈ

**કમલેશભાઈ સેવંતીલાલ શાહ.........................(ખરોડ)**
૪૦૧, ગુલમહોર CHSL, ફેક્ટરી લેન, અંતરા જ્વેલર્સની ઉપર,
બોરીવલી(વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૯૨.
મો.: ૯૮૩૩૫ ૮૨૬૮૬, ૯૮૧૯૮ ૯૭૫૮૭

# શૈક્ષણિક પ્રોત્સાહન યોજના ક્ષેત્રે
# દાન-ફંડ-ભેટ

दानाय लक्ष्मी त्रिलोकी तिलकः स एव ।

**જે માનવી, લક્ષ્મીનું દાન કરે, તે આ સંસારમાં આભૂષણ સમાન છે.**



શ્રી ઉમેદપુરી ગુરૂજી



ડૉ. મિતેષકુમાર - સોનાલીબેન ❁ કેનિયલ - ઈશાનકુમાર



શ્રી ઉમેદપુરી ગુરૂજી

આપણા જ્ઞાતિજનોને શૈક્ષણિક ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી અને તેમના ગુરુશ્રી ઉમેદપુરીનું ઋણ અદા કરવા માટે સ્વ.માતુશ્રી કુસુમબેન અને સ્વ.પિતાશ્રી ધીરૂભાઈ શાહના સુપુત્ર ડૉ.મિતેષકુમારે (વિસનગર, હાલ:અમદાવાદ) જમણા હાથે દાન આપે તો ડાબો હાથ જાણે નહિ તેવા ભાવ સાથે, પોતાની જાહેરાત કે પ્રસિધ્ધિની ખેવના રાખ્યા વિના અમદાવાદ જ્ઞાતિમંડળ અંતર્ગત શૈક્ષણિક પ્રોત્સાહન યોજનામાં **રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ)**નું દાન આપીને તેમને મળેલા શિક્ષણ અને સંસ્કારોને ઉજાગર કર્યા છે.

ડૉ.મિતેષકુમારના દાદાની સમગ્ર વિસનગર પંથકમાં શેઠ મંગળદાસ તાવડાવાળા (ઘીવાળા) તરીકે નામના હતી. ડૉક્ટરના પિતાશ્રી શ્રી ધીરૂભાઈ વિસનગરમાં સામાજિક કાર્યકર તરીકે સુપ્રસિધ્ધ હતા. ડૉક્ટરના મોટાભાઈ શ્રી નિમેષભાઈ વિસનગર જ્ઞાતિમંડળમાં સક્રિય છે અને કલ્યાણ પાર્શ્વનાથ જિનાલયમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. ડૉક્ટર મિતેષકુમાર બોડકદેવ અમદાવાદમાં **ગૌતમ મેડીકેર પોલીક્લીનીક** નામે પ્રતિષ્ઠિત ડાયગ્નોસીસ સેન્ટર ધરાવે છે. તેઓ જ્ઞાતિબંધુઓને વિનામૂલ્યે મેડીકલ માર્ગદર્શન અને સારવાર આપે છે. કોરોનાના કપરા કાળમાં તેમણે જ્ઞાતિજનોની વિનામૂલ્યે સેવા અને સારવાર આપેલી છે. દર્દીઓના ઘરે જઈને પણ દવા પહોંચાડતા, તેમની ઓળખાણ હોય તેવી હોસ્પિટલમાં દર્દી માટે રૂમ/બેડની વ્યવસ્થા પણ કરાવી આપતા.

આમ તેમણે સમાજની ઉત્તમ સેવા કરેલી છે, જે ખરેખર સરાહનીય અને નોંધપાત્ર છે. ડૉ.મિતેષકુમારના આવા સમાજસેવાના સત્કાર્યોમાં તેમના ધર્મપત્ની શ્રીમતી સોનલબેન, સુપુત્ર ચિ.ઈશાન અને પુત્રવધૂ ચિ.કેનિયલ(હાલઃ બ્રિસ્બેન,ઓસ્ટ્રેલિયા) તેમને સંપૂર્ણ સહયોગ પ્રદાન કરે છે.

અગાઉ ડૉ. મિતેષકુમારે તેમના સુપુત્ર ચિ. ઈશાનકુમારના લગ્ન પ્રસંગ નિમિત્તે સાધર્મિક વાત્સલ્ય ફંડમાં રૂા.૨૧,૦૦૦/-નું દાન આપેલ હતું. આવા ઉદારદિલ દાતા પરિવારનો જ્ઞાતિમંડળ અમદાવાદ ખૂબ ખૂબ અનુમોદના સહ આભાર માને છે.

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ

# યૂથ ફોરમ દ્વારા નવી પહેલ

**47CCG**
**B2B**
Connect • Collaborate • Grow



યૂથ ફોરમ દ્વારા ફરી એકવાર સમાજ માટે કંઈક નવીન, ઉપયોગી અને પ્રેરણાદાયક આયોજન કરવામાં આવ્યું. ગત તા. ૨૬ એપ્રિલના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA), અમદાવાદ ખાતે વિશાળ હોલમાં આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સમાજની યુવા પેઢીને માત્ર સામાજિક કે રમત-ગમતના માધ્યમથી જ નહીં, પરંતુ તેમના વ્યાવસાયિક ક્ષેત્રોમાં પણ એકબીજા સાથે જોડીને વિકાસના પંથે આગળ વધારવાનો હતો.

આ કાર્યક્રમમાં Manufacturing, Real Estate, Pharmaceutical, IT, Digital Marketing, Finance, Film Production, Advertising, Legal, Medical સહિતના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત 56થી વધુ યુવાનોએ નોંધણી કરાવી અને 52 લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. અમદાવાદ, મુંબઈ અને મહેસાણાના યુવાનોએ આ બિઝનેસ મીટમાં સહભાગી બન્યા. દરેક સભ્યને પોતાની ઓળખાણ અને વ્યવસાય વિશે ૨ મિનિટમાં રજૂઆત કરવાનો અવસર આપવામાં આવ્યો હતો, જેના માધ્યમથી હાજર તમામ લોકો એકબીજાના કાર્યક્ષેત્રથી માહિતગાર થયા, સાથે દરેકે સમાજના સભ્યોને જરૂર પડે ત્યારે પોતાની વ્યાવસાયિક સેવાઓ પૂરી પાડવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી.

યૂથ ફોરમની એક બેઠક દરમિયાન આ વિચાર ઉદ્ભવ્યો કે આજ સુધી સમાજના યુવાનોને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા એકમેક સાથે જોડવામાં આપણે સફળ રહ્યાં છીએ, તો હવે સમય છે કે આપણે એક એવો નવતર પ્રયોગ કરીએ જેનાથી તેઓ પોતાની વ્યાવસાયિક ઓળખાણને મજબૂત બનાવી શકે અને સાથે સાથે સમાજ માટે પણ ઉપયોગી બની શકે. આ વિચારનું સાકાર રૂપ એટલે **“47CCG - B2B Meet (Business to Business)”** કાર્યક્રમના આયોજન માટે વિચારણા કરી.

આપણા જ સમાજના પ્રતિભાશાળી ડો. ફેનિલ દ્વારા **47CCG - B2B** લોગો અંગેની સમજ આપી અને એક ગેમ દ્વારા લોકો એકબીજા સાથે સહેલાઈથી હળીમળી શકે તેવા પ્રયત્નો કર્યા. જેનો હાજર લોકોએ ભરપૂર લાભ લીધો. તેમના પ્રેરણાદાયક વિચારો અને માર્ગદર્શનથી ઉપસ્થિત યુવાનોમાં નવી ઊર્જા અને ઉત્સાહનું સંચાર થયું. તેમના આ પ્રયત્નોને સૌએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું.

આ સફળ આયોજનના અંતે એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો કે **“47CCG - Connect, Collaborate, Grow”** નામથી સમાજનું એક બિઝનેસ ગ્રુપ રચવામાં આવશે, જેના માધ્યમથી યુવાનો એકબીજાની સાથે સતત જોડાયેલા રહી શકે અને વ્યવસાયિક રીતે વિકાસ કરી શકે. આવા નવીન પ્રયાસો દ્વારા સમાજના યુવાનોને એક મંચ મળે છે, જ્યાંથી તેઓ પોતાના સપનાઓને સાકાર કરી શકે અને સાથે સાથે સમાજના સર્વાંગી વિકાસમાં પણ યોગદાન આપી શકે.

અંતમાં, આ સફળ કાર્યક્રમ માટે યૂથ ફોરમના તમામ સભ્યો અને મોટા મંડળના કારોબારી સભ્યોનો પણ ખૂબ ખૂબ આભાર...

**જગત ગાંધી (કન્વીનર) • શાલીન શાહ (સહ-કન્વીનર)**

પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI